જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૨/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૬૩/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં. | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦ | ૨,૧૧,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**<u>નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૬૪/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૧૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૮ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૬૫/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૬૬/૨૦૨૨</u>**

**સેટેલાઇટઃ** રાજુબહેન હીરાલાલ ભાગવત (ઉ.વ.૭૦) (રહે. સિધ્ધરાજ એપાર્ટમેન્ટ આર્યવ્રત બંગલો સામે પ્રેરણાતીર્થ દેરાસર રોડ જોધપુર સેટેલાઇટ) એ તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે આર્યવ્રત બંગલો કોર્નર જોધપુર ગામ રોડ નજીક ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ રાજુબહેન ભાગવતને કહેલ કે “આગળ ઝગડો થાય છે અને આવતા જતા લોકોને લુંટી લે છે” તેમ કહી રાજુબહેન ભાગવત એ પહેરેલ સોનાની બંગડી નંગ-૪ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- પ્લાસ્ટીકની થેલીમા મુકાવી વાતોમાં વ્યસ્ત રાખી દાગીના લઈ જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

**કાલુપુરઃ** મિતેશભાઇ કીશોરભાઇ સોની (ઉ.વ.૪૪)(રહે.પહેલો માળ ગોલ્ડ કોઇન એપારમેન્ટ મણીયાસર મણીનગર) એ તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૩/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર રતનપોળ વુંદાવન માર્કેટની બાજુમા રસીકપ્લાઝા કોમ્પલેક્ષ પહેલા માળે આવેલ દુકાન નંબર ૧૦૨ સોનાના દાગીનાની પેઢી દુકાન ખાતે મિતેશભાઇને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી સોનાની બુટ્ટી તથા સેટ મળી કુલ ૧૫૬ ગ્રામ, ૬૫૦ મિલી સોનુ લઇ તેનાં બદલામાં મિતેશભાઇને ૨૯ ગ્રામ, ૬૦૦ મિલી સોનુ ડીપોઝીટ પેટે આપી, લેવાનુ બાકી નીકળતુ સોનુ કુલ ૧૨૭ ગ્રામ ૦.૫૦ મિલી કિંમત રૂપિયા ૬,૮૪,૮૦૦/- આજદીન સુધી નહી આપી, તેમજ તે પેટે રૂપિયા નહી ચુકવી મિતેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ઉમેદભાઇ દલસુખભાઇ ચલાવે છે.

**સોનાની ચેઇન/રોકડ ખેંચી તોડી લઇ ગયા:-** **સમાચાર યાદી નં.૨૨૬૭/૨૦૨૨**

**નરોડાઃ** ચન્દ્રકુમાર ગોપાલદાસ કંધારી (ઉ.વ.૬૪) (રહે. સાંઇ એક્ઝોટીકા એચ.પી.પેટ્રોલ પંપ પાછળ નાના ચિલોડા નરોડા) તા.૧૭/૧૨/૨૦૨૨ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે નરોડા બેઠક ત્રણ રસ્તા પાસે સુઝુકીના શો રૂમ સામે પત્ની સાથે ઉભા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ચન્દ્રકુમારના પત્નીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે તથા મંગળસુત્ર મળી કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચન્દ્રકુમાર કંધારીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**ઓઢવઃ** રામશરણ રાજારામ સરોજ (ઉ.વ.૩૮) (રહે. રામનગર સોસાયટી ઓઢવ) એ તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ સિંગરવા સુંદરસિંગ ભંડારી ચાર માળીયા પાછળના ખુલ્લા મેદાન ખાતે બે પુરૂષોએ રામશરણ સરોજના શર્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૩૨,૮૬૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૮/૨૦૨૨**

**નારણપુરાઃ** યોગેશ શંભુસિંહ રાવ (રહે.અંગીતા સોસાયટી પ્રગતિનગર ગાર્ડનની બાજુમાં નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૧૭/૧૨/૨૦૨૨ કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા પ્રગતિનગર નુતન નાગરિક બેંક સામે લક્ષ્મી દુગ્ધાલય એન્ડ કોલ્ડ્રીંગ નામની દુકાનનાં શટરનું તાળું તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કેશ કાઉન્ટર ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**રામોલઃ** મનીષ બાબુલાલ શર્મા (રહે. શિવાલય શિવસુખનગર રતનપુરા બસ સ્ટેન્ડ સામે વસ્ત્રાલ રોડ) એ તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૨ બપોરના ૨/૩૦ થી તા.૧૬/૧૨/૨૦૨૨ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૬૯/૨૦૨૨</u>**

**એલીસબ્રીજઃ** મનોજકુમાર પારસનાથ પ્રસાદ (ઉ.વ.૪૪)(રહે.વિનસપાર્ક હાઇટસ વેજલપુર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૨/૨૦૨૧ થી તા.03/૧૨/૨૦૨૨ દરમ્યાન પ્રિતમનગર ઢાળ ખાતે આવેલ એલીસબ્રીજ શાખા બેંક ઓફ બરોડામાં ટેમ્પરરી ડેઇલીબેઝ પટાવાળા તરીકે નોકરી કરતા આરોપી ચિરાગ દિનેશભાઇ દંતાણીયાએ બેંકના લોકરમાંથી બેંકના ગ્રાહકોના સોનાના દાગીના કિંમત રૂપિયા ૪૬,૮૨,૫૦૦/-, ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૭૯,૪૭૦/-, રોકડ રૂપિયા ૧૮,૦૦૦/- તથા એલ્યુમીનીયમની પેટી નંગ-૧ કિંમત રૂપિયા ૫૦/- તેમજ અગત્યના દસ્તાવેજો અને મોતીની માળા નંગ-૪ તેમજ અલગ-અલગ દેશની કરન્સી મળી કુલ રૂપિયા ૪૭,૮૦,૦૨૦/- મતાની બેંકના લોકરમાંથી ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૭૦/૨૦૨૨</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** અમન ઉર્ફે બેટુ સ/ઓ જિતેન્દ્રભાઇ ગુપ્તા (ઉ.વ.૨૧) (રહે. આકૃતી સ્ટેટસ અસલાલી ચોકડી પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૨ બપોરના ૨/૧૫ વાગ્યા પહેલા નહેરૂ બ્રિજ પાસે નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જાહિદભાઈ બલદારભાઈ ચલાવે છે.

**બાપુનગરઃ** રશ્મીકા ડો/ઓ સુનિલભાઇ બોગમ (ઉ.વ.૨૪) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ સરસ્વતી સ્કુલ પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૨ સાંજના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિષ્ણુકુમાર હેમચંદભાઇ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** અંજલીબહેન અશ્વિનભાઇ મકવાણા (ઉ.વ.૧૭) (રહે. મેટ્રો પિલ્લર નં.૨૮ સામે ટોરેંટ પાવરની ઓફીસની બાજુમાં આરકો ઇન્ડસ્ટ્રીઝ કંપનીનાં છાપરામાં) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.મીયાત્રા ચલાવે છે.

**ઇસનપુરઃ** કવિતાબહેન વા/ઓ રાજેશભાઇ ચુનારા (ઉ.વ.૩૯) (રહે.રામગલીનાં છાપરાં ચુનારાવાસ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૨ રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી